*This Question Paper contains 8 printed pages*
*(Sections - A, B, C & D)*

Sl.No.

# 13 (G)

**(MARCH, 2023)**

---

*Time : 3 Hours]* *[Maximum Marks : 80*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ A, B, C અને D તથા 1 થી 43 પ્રશ્નો છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) સૂચના પ્રમાણે આકૃતિઓ સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

---

## વિભાગ – A [20]

### (ગદ્ય વિભાગ)

અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને લખો. [3]

| 'અ' (કૃતિ) | 'બ' (પાત્ર) |
|---|---|
| 1) નથી | (અ) પમો |
| 2) ઝબકજ્યોત | (બ) વલભો |
| 3) જેઠીબાઈ | (ક) હિંમત |
| | (ડ) શિશિર કુમાર |


https://www.gujaratboardonline.com

[3]

**બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

4) ભારતીયોએ ખોરાક છાંડવા માટે શરમ કેમ ન અનુભવી?

5) મજૂરો ઘાસ કાપવા આવતા ત્યારે બલાઈને શી લાગણી થતી?

6) 'પ્રયાણ' પાઠ કઈ પ્રસિદ્ધ હાસ્ય નવલકથામાંથી લેવામાં આવ્યો છે?

[6]

**ક) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.**

7) અરીસામાં પોતાનું મોં જોયા પછી દીપક કઈ કલ્પના કરે છે?

8) તાજમહેલ વિશે લેખકનું મંતવ્ય સમજાવો.

9) ડૉ. વર્ગિસ કુરિયને વિશ્વભરમાં ભારતને ગૌરવવંતુ સ્થાન કેવી રીતે અપાવ્યું?

અથવા

પારવતીબા સ્વમાની હતાં એમ શા આધારે કહી શકાય?

[8]

**ડ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

10) 'શરણાઈના સૂર' કૃતિ આધારે પિતૃવાત્સલ્યની વેદના તમારા શબ્દોમાં લખો.

અથવા

'જેઠીબાઈ' પાઠને આધારે સ્ત્રીનું ગૌરવરૂપ વર્ણવો.

11) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.


https://www.gujaratboardonline.com

## વિભાગ – B

[20]

### (પદ્ય વિભાગ)

**અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને લખો.** [3]

| 'અ' (કૃતિ) | 'બ' (કર્તા) |
|---|---|
| 12) મોરલી | (અ) હરિકૃષ્ણ પાઠક |
| 13) જીવમાં જીવ આવ્યો | (બ) નિરંજન ભગત |
| 14) હાથ મેળવીએ | (ક) સ્નેહી પરમાર |
| | (ડ) મીરાંબાઈ |

**બ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** [3]

15) 'હાઈકુ' કેટલાં અક્ષર અને કેટલી પંક્તિનું હોય છે?

16) 'જીવન અંજલિ થાજો' કાવ્યના કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે?

17) વૃંદાવનના માર્ગે વ્હાલો શું માંગે છે?

**ક) નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** [6]

18) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે?

19) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ?

20) 'દીવાનખાનામાં' કાવ્ય નાયિકા કેવો મનોભાવ અનુભવે છે?

અથવા

શ્રીકૃષ્ણની મોરલીને કવિએ અભાગણી કેમ કહી છે?



https://www.gujaratboardonline.com

[8]

ડ) **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

21) 'વાદળ ટોચે પહોંચી વેરાઈ ગયું' પંક્તિમાં વ્યક્ત થતો સંદેશ લખો.

અથવા

''વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો, શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો'' કાવ્ય પંક્તિ સમજાવો.

22) ધન, સત્તા, કીર્તિનું કામ નથી એમ કવિ શા માટે કહે છે?

[16]

## વિભાગ – C

## (વ્યાકરણ વિભાગ)

- **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો.**

23) નીચેનામાંથી કયો શબ્દ 'અભ્યાગત' શબ્દનો સમાનાર્થી છે? [1]

(A) પ્રખ્યાત

(B) દોસ્ત

(C) મહેમાન

24) નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી? [1]

(A) કોમળ – કઠોર

(B) સ્મૃતિ – સાંભરણ

(C) મતિ – મેધા

25) 'કૃત્રિમ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. [1]

(A) કુમતિ

(B) કુદરતી

(C) કીર્તિ



https://www.gujaratboardonline.com

26) નીચે વિરુધ્ધાર્થી જોડકાં આપ્યા છે, તેમાં કયું જોડકું ઉચિત નથી? [1]

(A) સ્થિર × અસ્થિર

(B) હરખ × શોક

(C) શીતળ × ઠંડું

27) નીચેનામાંથી કઈ જોડણી સાચી છે? [1]

(A) રેંટિયો

(B) રેટીયો

(C) રેડિયો

28) વગડા વચ્ચે આસુદેવ મહાદેવનું ............. મંદિર છે. [1]

(A) ઍકાકિ

(B) એકાકી

(C) એકાંકી

29) નીચેનામાંથી 'સ્વાધીન' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે? [1]

(A) સ્વા + ધીન

(B) સ્વા + આધીન

(C) સ્વ + આધીન

30) નીચેનામાંથી ક્યો સમાસ મધ્યમપદલોપી છે? [1]

(A) મરણપોક

(B) ચિંતાતુર

(C) સગાં-સંબંધી



https://www.gujaratboardonline.com

31) 'સોપાનો સર કરવાં' - રૂઢિપ્રયોગનો અર્થ આપો. [1]

32) 'અણી ચૂક્યો સો વરસ જીવે.' - કહેવત સમજાવો. [1]

33) કનુ તો હજી સગડ મેલતો નથી.- કર્મણિવાક્ય બનાવો. [1]

34) સુધાએ તેની કાકીને પત્ર લખ્યો - પ્રેરક વાક્ય બનાવો. [1]

35) 'એથી <u>અદકો</u> વિષાદ હૃદય પર છવાયો હતો.' - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો. [1]

36) નીચેનામાંથી વિકારી વિશેષણ શોધીને લખો. [1]

(A) ઉજ્જડ

(B) મારું

(C) યોગ્ય

37) મેનાબહેન થરમૉમિટર લઈ લો તો - યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો. [1]

38) સામાન્ય રીતે કોઈ ઉક્તિ, સંવાદ દર્શાવવા હોય તો કયું વિરામચિહ્ન વાપરી શકાય? [1]

(A) અલ્પ વિરામ

(B) બેવડાં અવતરણ

(C) એકવડાં અવતરણ



https://www.gujaratboardonline.com

## વિભાગ – D [24]

### (અર્થગ્રહણ/લેખન)

39) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [4]

''દિવાળીએ જ નહીં, અન્ય કોઈ વાર તહેવારે પણ આ 'ઓરડા' ની રોનક બદલાતી, પેલાં કબાટ, તાકાં કે ડબલાં – ડબલીની સાફસૂફી થતી, એને રંગરોગાન થતાં, અરે પેલાં બધાંજ વાસણો પણ ફરીથી ઘસાતાં – મંજાતા, માત્ર બાના મનમાં એ વિશેનો વિચાર આવવો જોઈએ. સત્યનારાયણની કથા આ 'ઓરડા' માં જ થાય લગ્ન પ્રસંગે ગણપતિ પણ આ ઓરડાંમાં જ કાઢવાના, ખાસ મહેમાનો આવ્યા હોય ત્યારે પણ હરખપદૂડો આ 'ઓરડો' જ લાગે. સૌના ધામા ત્યાં રહે! શિયાળાની રાત્રિઓએ સગડીની આજુબાજુ આખો પરિવાર ઝૂમખું થઈને આ 'ઓરડા' માં બેસી રહેતો. બા-બાપુજીએ જિંદગીનાં ઘણાં બધાં આયોજનો અહીં બેસીને કર્યા છે, તો ઘણી બધી ગૂંચોને પણ અહીં જ ઉકેલી છે.એમનું કાફે હાઉસ, પીસ સેન્ટર કે મંદિર બધું આ 'ઓરડો' હતું. ઘરમાં કોઈ સાજું માંદું થયું હોય તો પણ પોતાની હૂંફાળી સોડમાં આ 'ઓરડો' જ લપાવી દેતો. 'ઓરડો' આમ અમારું, અમારા પરિવારનું ભર્યું ભર્યું આકાશ હતો.''

– પ્રવીણ દરજી

40) આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો. [4]

મુદ્દા :- ધ્રુવ અને ધર્મરાજની સાચી મિત્રતા – ધ્રુવ-ધર્મરાજની પ્રકૃતિ, સ્વભાવ જુદાં જુદાં – ધર્મરાજની મોટી બહેન ધ્યાની ખુબજ રમતિયાળ – ધ્રુવની ઉપેક્ષા ધ્યાની માટે – રસ્તામાં ધ્રુવનું અકસ્માત – સમયસર ધ્યાનીનું આગમન – ધ્રુવનો બચાવ – ધ્યાનીનો છેવટે બહેન તરીકે સ્વીકાર – બોધ.

41) તમારી શાળામાં '150મી ગાંધીજ્યંતિ' ની ઉજવણી કરવામાં આવી તે વિશે અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [4]

42) નીચે આપેલી પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. [4]

એ ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી,

જે સારા છે એની દશા સારી નથી.

અથવા

મને મળી નિષ્ફળતા અનેક,

તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.



https://www.gujaratboardonline.com

43) **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

- કન્યા કેળવણીનું મહત્ત્વ

  મુદ્દાઓ: - (પ્રસ્તાવના - કન્યા કેળવણી દ્વારા સમાજની સુધારણા - વર્તમાન યુગમાં સ્ત્રીની ભૂમિકા - પુરુષ સમોવડી નારી - ઉપસંહાર)

અથવા

- સ્વચ્છ ભારત - સ્વસ્થ ભારત

  મુદ્દાઓ: - (પ્રસ્તાવના - સ્વચ્છતા રાષ્ટ્રવ્યાપી અભ્યાન - સ્વચ્છતાનો સીધો સંબંધ સ્વાસ્થ્ય સાથે - સ્વચ્છ - સ્વસ્થ ભારતની કલ્પના - ઉપસંહાર)

અથવા

- કુદરતના હાસ્ય અને તાંડવ

  મુદ્દાઓ: - (પ્રસ્તાવના - કુદરતના વિવિધ સ્વરૂપો - કુદરતના હાસ્ય સ્વરૂપો - કુદરતના તાંડવ સ્વરૂપો - ન્યાયી કુદરત દ્વારા સમાનતા - કુદરત આગળ માનવીની લાચારી - ઉપસંહાર)

♦♦♦♦

**https://www.gujaratboardonline.com**
**Whatsapp @ 9300930012**
**Send your old paper & get 10/-**
**अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,**
**Paytm or Google Pay से**



https://www.gujaratboardonline.com